# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

****************************************************

1) લોકસભા આજે ચૂંટણી સુધારા પર ચર્ચા કરશે.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ભારત દરેક પડકારનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે.

3) કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું કે હાલના હવાઈ સંકટ માટે ઇન્ડિગો જવાબદાર.

4) ભારત અને ચિલી વચ્ચે વ્યાપક આર્થિક ભાગીદારી કરાર માટે વાટાઘાટોનો ચોથો તબક્કો પૂર્ણ.

5) ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચ મેચની T20 શ્રેણીનો આજથી પ્રારંભ

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PARLIAMENT

લોકસભા આજે ચૂંટણી સુધારા પર ચર્ચા કરશે. દરમિયાન, રાજ્યસભામાં આજે રાષ્ટ્રીય ગીત, વંદે માતરમની 150મી વર્ષગાંઠ પર પણ ચર્ચા કરાશે.

# VANDE MATARAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ભારત દરેક પડકારનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે. તેમણે કહ્યું, વંદે માતરમની ભાવના આ શક્તિનું પ્રતીક છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, વંદે માતરમ ફક્ત એક ગીત કે સ્તોત્ર નથી, પરંતુ લોકોને તેમના કર્તવ્ય પ્રત્યે જાગૃત કરવા માટે પ્રેરણાનો સ્રોત છે. પ્રધાનમંત્રીએ ગઈકાલે લોકસભામાં રાષ્ટ્રીય ગીત વંદે માતરમની 150મી વર્ષગાંઠ પર ચર્ચા દરમિયાન આ મુજબ જણાવ્યું

BYTE: PM-ATMA-NIRBHAR-BHARAT

ચર્ચામાં ભાગ લેતા, કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે વંદે માતરમ દેશનો આત્મા છે અને દરેક ભારતીય તેને ગાવામાં ગર્વ અનુભવે છે

BYTE: PRIYANKA-GANDHI

સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે કહ્યું કે વંદે માતરમ લોકોને એક કરે છે. જનતા દળ (યુનાઇટેડ) ના દેવેશ ચંદ્ર ઠાકુરે કહ્યું કે વંદે માતરમ માત્ર એક

ગીત નથી પરંતુ જાગૃતિ માટે રાષ્ટ્રીય હાકલ છે. તેલુગુ દેશમ પાર્ટીના ડૉ. બાયરેડી શબરીએ કહ્યું કે વંદે માતરમ એક શાશ્વત ગીત છે અને તે રાષ્ટ્રની હિંમત, આશા અને સામૂહિક ચેતનાનું પ્રતિનિધિત્વ કરે છે.

# NAIDU-DD-NEWS-EXCLUSIVE

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું કે હાલના હવાઈ સંકટ માટે ઇન્ડિગો સંપૂર્ણપણે જવાબદાર છે અને તે પોતાની ફરજો બજાવવામાં નિષ્ફળ રહી છે.

શ્રી નાયડુએ જણાવ્યું હતું કે ફ્લાઇટ ડ્યુટી ટાઇમ લિમિટ (FDTL) માર્ગદર્શિકા નહીં, પરંતુ ક્રૂ અને પાઇલટના ઉપયોગ અંગે ઇન્ડિગોનો આંતરિક ગેરવહીવટ, વર્તમાન વિક્ષેપો અને ફ્લાઇટ રદ કરવા માટે જવાબદાર છે. તેમણે જાહેર કર્યું કે સરકાર તેમના તરફથી કોઈ દબાણ હેઠળ નથી અને હંમેશા બધી એરલાઇન્સ સાથે સમાન વર્તન કરે છે. તેમણે જણાવ્યું કે DGCA હાલમાં કારણદર્શક નોટિસ પર ઇન્ડિગોના પ્રતિભાવની તપાસ કરી રહ્યું છે અને મુસાફરોને થયેલી અસુવિધા અને પ્રતિસાદને ધ્યાનમાં રાખીને કડક પગલાં લેશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે મુસાફરોના અધિકારો પર ખાસ ધ્યાન આપીને હાલના તમામ નિયમો અને માર્ગદર્શિકામાં સુધારો કરવામાં આવશે.

શ્રી નાયડુએ જણાવ્યું હતું કે આજથી પરિસ્થિતિ સંપૂર્ણ સામાન્ય થઈ જશે. તેમણે મુસાફરોને ખાતરી આપી કે સરકાર યોગ્ય અને સલામત કામગીરી સુનિશ્ચિત કરવા માટે નજીકથી દેખરેખ રાખશે.

# AVIATION SECRETARY-INDIGO

નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સચિવ સમીર કુમાર સિંહાએ જણાવ્યું કે, હવાઈ સેવાઓ હવે લગભગ સામાન્ય થઈ ગઈ છે. તેમણે જણાવ્યું કે, ઈન્ડિગોએ ગઇકાલે એક હજાર 800થી વધુ ફ્લાઇટ્સનું સંચાલન કર્યું છે, જે સામાન્ય કામગીરીની નજીક છે. તેમણે ઉમેર્યું કે, અકાસા એર, એર ઈન્ડિયા એક્સપ્રેસ અને સ્પાઈસજેટ સહિત અન્ય તમામ એરલાઇન્સ પણ સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત છે.

રિફંડ અને સામાનની વિશે વાત કરતા, શ્રી સિંહાએ કહ્યું કે, એરલાઇને લગભગ તમામ રિફંડ પૂર્ણ કરી લીધા છે. લગભગ 90 ટકા સામાન જ પહોંચાડી દેવામાં આવ્યો છે, અને એરલાઇન બાકીની બેગ સક્રિય રીતે મુસાફરોના આપેલા સરનામાં પર મોકલી રહી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આગામી 24 કલાકમાં, બધા બાકી રહેલા સામાન મુસાફરોના નિર્ધારિત સ્થળોએ પહોંચી જશે.

# PREZ-HANDICRAFTS-AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં હસ્તકલા પુરસ્કારો એનાયત કરશે. આ પુરસ્કારો 2023 અને 2024ના વર્ષ માટે પ્રતિષ્ઠિત કુશળ કારીગરોને સન્માનિત કરશે.

કાપડ મંત્રાલયે જણાવ્યું કે, આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કારો અસાધારણ કલાત્મક શ્રેષ્ઠતાનું સન્માન કરે છે. તે ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર હસ્તકલા વારસાને જાળવવા અને પ્રોત્સાહન આપવા માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# REV. GOYAL-CHILE NEGOTIATIONS

**ભારત અને ચિલી વચ્ચે નવી દિલ્હીમાં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) માટે વાટાઘાટોનો ચોથો તબક્કો પૂર્ણ થયો છે.**

**વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું કે, ભારત અને ચિલીના પ્રતિનિધિમંડળો વચ્ચે સઘન અને રચનાત્મક ચર્ચાઓ થઈ હતી, જેના પરિણામે વાટાઘાટોના તમામ મુદ્દે નોંધપાત્ર પ્રગતિ થઈ છે.**

**બંને પક્ષોએ વાટાઘાટોના સમયસર નિષ્કર્ષ માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો અને દ્વિપક્ષીય આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવવાના વ્યૂહાત્મક મહત્વને સ્વીકાર્યું.**

# NDA PARLIAMENTARY PARTY

રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) ની સંસદીય દળની બેઠક આજે નવી દિલ્હીમાં યોજાશે. આ બેઠક સંસદ પુસ્તકાલય ભવન (PLB) ના GMC બાલયોગી ઓડિટોરિયમમાં યોજાશે.

લોકસભા અને રાજ્યસભાના તમામ NDA સભ્યોને આ બેઠકમાં હાજર રહેવા નિર્દેશ આપવામાં આવ્યો છે.

# IMD-WEATHER

હવામાન વિભાગએ આજે છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ઓડિશા, પંજાબ, તેલંગાણા અને વિદર્ભમાં શીત લહેરની આગાહી કરી છે. આંદામાન અને નિકોબાર ટાપુઓના કેટલાક ભાગોમાં દિવસ દરમિયાન વાવાઝોડા અને વીજળી પડવાની શક્યતા છે.

સાંભળીએ એક અહેવાલ

VC: NIKITA

# CHINA-FM

ચીને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ભારત મુલાકાતનો સકારાત્મક પ્રતિભાવ આપ્યો છે, અને ત્રણેય દેશોને વૈશ્વિક દક્ષિણના મહત્વપૂર્ણ ભાગો ગણાવ્યા છે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને પત્રકારોને જણાવ્યું કે ચીન, રશિયા અને ભારત ઉભરતી અર્થવ્યવસ્થાઓ અને ગ્લોબલ સાઉથના મહત્વપૂર્ણ સભ્યો છે.

ગયા અઠવાડિયે પુતિનની ભારત મુલાકાત અંગે ગુઓએ કહ્યું કે ત્રણેય દેશો વચ્ચે સંબંધો જાળવવા એ ફક્ત તેમના હિતમાં જ નથી, પરંતુ પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ, સુરક્ષા, સ્થિરતા અને સમૃદ્ધિ માટે પણ જરૂરી છે.

# JAPAN-QUAKE

જાપાનના ઉત્તરી કિનારે 7.6ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે, જેના કારણે સુનામીની ચેતવણી આપવામાં આવી છે, અને લોકોને સ્થળાંતર કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

જાપાન હવામાન એજન્સીએ જણાવ્યું કે, ભૂકંપનું કેન્દ્ર 50 કિમી ઊંડાઈએ હતું. એજન્સીએ ચેતવણી આપી કે, ભૂકંપના કારણે ઉત્તરપૂર્વીય કિનારે 3 મીટર ઊંચા મોજા ઉછળી શકે છે. અનેક બંદરો પર સુનામી મોજા જોવા મળ્યા હતા. હોક્કાઇડો, આઓમોરી અને ઇવાતે પ્રદેશો માટે સુનામીની ચેતવણી જારી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે જાપાન વિશ્વના સૌથી વધુ ભૂકંપગ્રસ્ત દેશોમાંનો એક છે.

# CRICKET-IND-VS-SA-T20

ક્રિકેટમાં, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચ મેચની T20 શ્રેણીનો આજથી પ્રારંભ થશે. પહેલી મેચ ઓડિશાના કટકના બારાબતી સ્ટેડિયમમાં સાંજે 7 વાગ્યે રમાશે.

દરમિયાન, કેપ્ટન સૂર્યકુમાર યાદવે જણાવ્યું કે, હાર્દિક પંડ્યા અને શુભમન ગિલ બંને ઈજા પછી શ્રેણીમાં પાછા ફરવા માટે તૈયાર છે.

શ્રેણીની બીજી મેચ ગુરુવારે ચંદીગઢના મુલ્લાનપુરમાં, ત્રીજી ધર્મશાળામાં, ચોથી લખનૌમાં અને અંતિમ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે

# WOMEN'S HOCKEY

મહિલા હોકીમાં, ભારત આજે ઉરુગ્વે સામે રમશે. જુનિયર વિશ્વ કપ 2025 અંતર્ગત ચિલીના સેન્ટિયાગોમાં રમાનારી આ મેચ રાત્રે 10 વાગ્યે શરૂ થશે.

મહિલા ટીમે ગઈકાલે તેમની છેલ્લી ક્વોલિફિકેશન મેચમાં વેલ્સને 3-1થી હરાવ્યું હતું

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજે રાષ્ટ્રીય ગીત વંદે માતરમ્ અંગે લોકસભામાં થયેલ ચર્ચા અંગેના સમાચાર બધા અખબારોમાં વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચાર લખે છે કે, વંદે માતરમ્: રાજકીય રોટલો શેકતા રાજકારણીઓ.
- સંદેશે લખ્યું છે કે, વંદે માતરમ્ મુદ્દે મોદીના પ્રહારો, કોંગ્રેસ મુસ્લિમ લીગ સામે ઘૂંટણીયે પડી.
- તો નવગુજરાત સમયે લખ્યું છે કે, નહરુએ ઝીણાને ખુશ કરવા વંદે માતરમ્ સાથે દગો કર્યો: PM.
- ફૂલછાબે લખ્યું છે કે, વંદે માતરમ્ સાથે કોંગ્રેસે કર્યો વિશ્વાસઘાત: વડાપ્રધાન.
- "10 વર્ષમાં ભ્રષ્ટાચારની 1 લાખ ફરિયાદ" ના સમાચાર દિવ્ય ભાસ્કરે પહેલા પાને છાપ્યા છે.
- સ્થાનિક સમાચારોમાં નલિયા 11 ડિગ્રી સાથે ઠંડુગાર, ભાવનગરમાંથી 719 કરોડના આંતરરાષ્ટ્રીય સાયબર કૌભાંડનો પર્દાફાશ: 10ની ધરપકડ ના સમાચાર વાંચવા મળી રહ્યા છે.